# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 03-01-2025 Day: Friday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## ફ્લાવર શો ૨૦૨૫:

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'અમદાવાદ ઇન્ટરનેશનલ ફ્લાવર શૉ ૨૦૨૫' પ્રજાજનો માટે ખુલ્લો મૂક્યો હતો.**

**22 જાન્યુઆરી સુધી ચાલનારા ફ્લાવર શોમાં ઓડિયો ગાઈડની વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જેમાં મુલાકાતીઓ QR કોડ સ્કેન કરી ફૂલ , સ્કલ્પ્ચર અને ઝોન વિશેની માહિતી મેળવી શકશે. નાગરિકોની માંગને ધ્યાનમાં રાખીને ફ્લાવર શોને લંબાવવામાં આવશે.**

**આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે ટ્રી સેન્સસનું લોન્ચિંગ અને મિશન થ્રી મિલિયન ટ્રી કોફી ટેબલ બુકનું અનાવરણ કરવામાં આવ્યું હતું.**

-----------------------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ મહાનગરપાલિકા:

**રાજ્ય સરકાર દ્વારા કચ્છની પ્રથમ મહાનગરપાલિકા ગાંધીધામ ખાતે બનાવવાની સત્તાવાર મંજૂરી અપાયા બાદ વહીવટદાર તરીકે વરાયેલા જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓએ ગાંધીધામ ખાતે પહોંચી વહીવટી પ્રક્રિયા હાથ ધરી હતી.**

**કલેકટર અમિત અરોરાએ વિવિધ વહીવટી વિભાગ સાથે બેઠક યોજી મહાનગરપાલિકા હેઠળ માળખાગત સુવિધા વિકસાવવા માટે સૂચનો કર્યા હતા.**

**નગરપાલિકાના વહીવટને મહા નગરપાલિકામાં રૂપાંતર કરવાની પ્રક્રિયા દરમિયાન લોકોને મળતી મૂળભૂત સેવાઓમાં કોઈ મુશ્કેલી ઊભી ન થાય તે માટેની ખાસ તકેદારી રાખવામાં આવશે.**

ગાંધીધામ મ્યુનિસિપલ કમિશનર મિતેશ પંડ્યાએ પદ સંભાળતા કહ્યું કે, હદ રચના, વોર્ડ રચના સહિતની કામગીરી ઝડપભેર હાથ ધરવામાં આવશે.

ગાંધીધામ મહાનગરપાલિકા જાહેર થયા બાદ કચેરીમાં અધિકારીઓ , મુલાકાતીઓ અને કર્મચારીઓની હાજરીથી ધમધમાટ જોવા મળી રહ્યો છે.

---

ગુજરાત એસટી:

સમગ્ર ભારતમાં દૈનિક ૭૫ હજારથી વધુ ઓનલાઈન ટિકિટ બુકિંગ સાથે ગુજરાત એસ.ટી નિગમ પ્રથમ ક્રમે રહ્યું છે.

ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૪ કરોડથી વધુ મુસાફરોએ ઓનલાઈન ટિકિટો બૂક કરીને એસ.ટી નિગમને કુલ ૧ ,૦૩૬ કરોડ રૂપિયાથી વધુની આવક કરાવી છે તેમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે , એસ.ટી નિગમ દ્વારા મુસાફરોની સુવિધાઓને ધ્યાને લઈને વર્ષ –૨૦૧૦થી ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કરાવવામાં આવી હતી , ત્યારબાદ વર્ષ -૨૦૧૧થી વિવિધ એપ્લિકેશનો મારફતે પણ ઓનલાઈન એસ.ટી બસની ટિકિટ બુકિંગ પણ શરૂ થઈ છે. નિગમ દ્વારા દિવ્યાંગ મુસાફરો સરળતાથી બુકિંગ કરી શકે તે માટે દિવ્યાંગ બુકિંગનું વેબ-મોબાઈલ એપ્લિકેશનમાં અલગથી પણ વિકલ્પ આપવામાં આવ્યો છે.

આ ઉપરાંત , વર્ષ-૨૦૧૫થી એન્ડ્રોઈડ અને iOS મોબાઈલ એપ્લિકેશન GSRTC Official લોન્ચ કરવામાં આવી હતી.

---

મકરસંક્રાંતિ જાહેરનામુ:

આગામી મકરસંક્રાંતિ તહેવાર ને અનુલક્ષીને જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે અંતર્ગત, આજે ૩ જાન્યુઆરી થી ૧૬ જાન્યુઆરી દરમિયાન જાહેર રસ્તા પર કે ભયજનક ધાબા પર પતંગ ન ઉડાડવા, આમજનતાને મુશ્કેલી થાય તે રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર ન વગાડવા,

ચાયનીઝ માંજાના પાકા દોરા તથા ચાયનીઝ દોરાના વેપાર, ખરીદ, સંગ્રહ અને વપરાશ પર પ્રતિબંધ ફરમાવાયો છે.

આ ઉપરાંત, ચાઇનીઝ તુક્કલના વેપાર તથા ખરીદ, સંગ્રહ અને વપરાશ કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે, હુકમનો ભંગ કરનાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ જાહેરનામામાં જણાવાયું છે.

---

## રવિ સીઝન વાવેતર:

જિલ્લાની રવિ સીઝનનું વાવેતર આ વખતે છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ 1 લાખ 97 હજાર 624 હેકટરે પહોંચ્યું છે.

જીલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી દ્વારા અપાયેલી વિગત મુજબ જીરૂનું વાવેતર 61 હજાર 755, ઘઉં 37 હજાર 811, રાઈ 35 હજાર 812 હેકટરમાં થયું છે. આ ઉપરાંત, ઈસબગુલ, બટાટા,વરિયાળી, અજમો, ધાણા, ચણા, શક્કરટેટ્ટી વગેરેનું નોંધપાત્ર વાવેતર થયું છે.

સૌથી વધુ વાવેતર રાપરમાં 70 હજાર 995 હેકટરમાં જયારે સૌથી ઓછું ગાંધીધામ તાલુકામાં 365 હેક્ટરમાં થયું છે.

---

## સાવિત્રીબાઈ ફૂલે:

આજે સમાજ સુધારક સાવિત્રીબાઈ ફુલેની 300મી જન્મજયંતિ છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને , કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સુશ્રી ફૂલેને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે . કચ્છમાં પણ દેશના પ્રથમ શિક્ષિકા એવા સાવિત્રીબાઈ ફુલેને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ હતી.

---

<u>હવામાન:</u>

છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાનમાં વધારો થતાં ઠંડીમાં ઘટાડો થતા લોકોને ઠંડીમાં આંશિક રાહત મળી છે. આજે જિલ્લા મથક ભુજમાં લઘુતમ તાપમાન 13.4 ડીગ્રી, નલિયા 10 અને કંડલામાં 16.5 ડીગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેશે. અને આગામી ત્રણ દિવસ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતાઓ નહિવત છે. ત્યારબાદ સૌરાષ્ટ્ર કચ્છના કેટલાક ભાગોમાં ઠંડીનું પ્રમાણ વધશે તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે.

---